**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૩ ટકા

## આજે ગાંધીનગરમાં

**ધાર્મિક**

● સાર્વજનિક ગણેશ મહોત્સવ સે-૨૨ રંગમંચ ખાતે રાત્રે ૮ કલાકે આરતી અને ૮.૩૦ કલાકે આપણું ફાઉન્ડેશન દ્વારા શ્રમજીવી બાળકોનો ટેલેન્ટ શો યોજાશે.

● સે-૩-ડી યુવક મંડળ દ્વારા ગણેશોત્સવ નિમિત્તે રાત્રે ૮ કલાકે આરતી તથા વિવેક સાંચલા અને મહેશ સોલંકીનો લોકડાયરો યોજાશે.

● સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ સે-૨-સી દ્વારા રાત્રે ૯ કલાકે આરતી ત્યારબાદ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા ભવ્ય લોકડાયરો યોજાશે.

● જય ગોગા યુવક મંડળસે-૫-બી દ્વારા સવારે ૯ કલાકે મહાઆરતી ૯.૩૦ કલાકે પ્રસાદ વિતરણ તથા બપોરે ૧૨.૪૦એ હાથી ઘોડા સાથે વિસર્જન યાત્રા યોજાશે.

● વિનાયક યુવક મંડળ સે-૫-બી દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે આરતી તથા ૯ કલાકે ટેલેન્ટ સ્પર્ધા યોજાશે.

# શિક્ષક બનવા વિદ્યાર્થીઓમાં તરવરાટ

ગાંધીનગર, તા.૫

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદગીરીમાં ઉજવાતો દિવસ શિક્ષક દિન. જેની દરેક બાળકોને રાહ હોય છે. શહેરની વિવિધ શાળાઓમાં ૫ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોએ ઉત્સુકતાથી શિક્ષક તરીકેની તેમની કામગીરી નિભાવી હતી. જે અંગે તેમના પ્રતિભાવ :

**● વિશ્વા દવે**
**આર.સી. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ**



વિદ્યાર્થી તરીકે એવું લાગે છે કે આ કામ તો સહેલું હશે પરંતુ જયારે પ્રિન્સીપાલ બની શાળાને સંભાળવાની વાત આવી ત્યારે સમજાયું કે આ લેકચર સેટ કરવા, પ્રોકસી સેટ કરવી બધું કામ અઘરું છે. પણ મને મજા આવી. બધા તરફથી જે રીસ્પેકટ મળી તે મને ગમ્યું. મારે મોટા થઈ ભરતનાટયમમાં આગળ વધવું છે.

**● યશ સોલંકી**
**આર.સી. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ**



મેં અકાઉન્ટ વિષય ભણાવ્યો હતો. મારા પાસે બધા શાંતિથી ભણ્યા મારે કહેવું જ ન પડયું કે શાંત રહો. વિદ્યાર્થીઓનો મને સામેથી સપોર્ટ રહ્યો. શિક્ષક બન્યો ત્યારે લાગ્યું કે જયારે ટીચર ભણાવે ત્યાર અવાજ કરીએ છીએ અને આજે મને થયું કે અમારે પણ અમારા શિક્ષકોને સપોર્ટ કરવો જોઈએ. મારે આગળ જઈ ડ્રામા ક્ષેત્રે આગળ વધવું છે.



**● મિશ્વા જાની**
**આર.જી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ**

ખરેખર પ્રિન્સીપાલ બનવાની જોબ અઘરી છે. એવું લાગ્યું એક દિવસમાં તો હું થાકી ગઈ તો રોજ શિક્ષકો કઈ રીતે વ્યવસ્થા કરતા હશે તેનો વિચાર આવે છે. મેં આજે શિક્ષકોને અમુક વાતો સમજાવી. પટાવાળાને માર્ગદર્શન આપ્યું દરેકે મારું માન્યું. મારો દિવસ એટલો સારો રહ્યો કે પૂરો ન થાય એવું લાગ્યું. મારે મોટા થઈ પ્રોફેસર બનવું છે.

**● ભૂમિ પ્રજાપતિ**
**આર.જી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ**



હું કલાસમાં ગઈ ત્યારે દરેક વિદ્યાર્થીઓએ મને રીસ્પેકટથી બોલાવી. ટીચર બનવું એ સહેલું નથી. કલાસમાં વાતો કરતા ટીચરને હેરાન કરીએ છીએ આજે ભણાવ્યું ત્યારે દરેક શાંતિથી બેઠા એટલે લાગ્યું કે અમારે પણ અમારા શિક્ષકને સહકાર આપવો જોઈએ. મારે મોટા થઈ ડૉકટર બનવું છે.



**● જૈની પટેલ**
**આર.જી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ**

હું આજે પ્યૂન બની હતી. પહેલા એકવાર શિક્ષક બની હતી. પરંતુ તે વખતે પટાવાળાને જોઈ મને પણ મન થયું કે હું બનું અને આ વર્ષે પટાવાળા બની જાણવા મળ્યું કે નાના પાયે રહી પટાવાળાને કેટલું માન મળે છે. મને થાક લાગે છે તેમ તેને દરરોજ કેટલો લાગતો હશે.



**● શ્રેય પ્રજાપતિ**
**એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડીયમ**

મને પહેલા લાગતું હતું કે એસી કેબિનમાં બેસી પ્રિન્સીપાલ ફકત ઓર્ડર જ કરે છે. જયારે હું પ્રિન્સીપાલ બન્યો ત્યારે લાગ્યું કે મારું આ મંતવ્ય ખોટું હતું. પ્રિન્સીપાલને ઘણા કામ કરવાના હોય છે. મેં આજે દરેક કલાસની મુલાકાત લીધી કોઈ મિસ મેનેજમેન્ટ ન થાય તેનું ધ્યાન રાખ્યું.

**● ક્રિશ્ના પટેલ**
**શેઠ સી.એમ. હાઈસ્કૂલ**



એક દિવસ શિક્ષક બન્યા ત્યારે ખબર પડી કે કેટલું કામ પહોંચે છે. પહેલા મને ડર લાગતો હતો શાળા સંભાળવું કાઠું છે. એક દિવસના અનુભવમાં ખબર પડી કે અમારા પ્રિન્સીપાલ કઈ રીતે આટલું બધું કામ સંભાળતા હશે? મને આખી શાળાનું મેનેજમેન્ટ કરવું આહલાદક લાગ્યું. મારે આગળ વધીને ડેન્ટલ ડોકટર બનવું છે.



**● શ્રધ્ધા પંચાલ**
**શેઠ સી.એમ. હાઈસ્કૂલ**

મેં સુપરવાઈઝરનું કામ કર્યું. પદ પર બેઠી તો ખબર પડી કે આ કામ અઘરું છે. સૌથી વધુ કલાસને સંભાળવાનું છે. શિક્ષકોની સમસ્યા ઉકેલવી તે પણ ચેલેન્જીંગ છે. વિદ્યાર્થીઓએ પણ અમને સારો રીસ્પોન્સ આપ્યો છે. મારે આગળ વધી ડૉકટર બનવું છે.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

● **છીછોરે**
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૫, ૭.૪૦, ૧૦.૪૫
● **ઈટ ચેપ્ટુર દુ**
(હિન્દી) ૯.૦૦, ૧૨.૩૦, ૩.૧૫, ૬.૫૫, ૧૦.૧૫
● **સાહો**
૯.૦૫, ૧૧.૪૫, ૩.૧૫, ૫.૪૫, ૬.૪૫, ૯.૧૫, ૧૦.૧૫
● **મિશન મંગલ**
૯.૧૦, ૩.૦૦, ૧૦.૩૦
● **બાટલા હાઉસ**
૧૨.૨૫
● **ચિલ ઝડપ (ગુજરાતી)**
૧૨.૨૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

● **છીછોરે**
૯.૨૦, ૧૦.૧૫, ૧.૧૫, ૩.૩૦, ૪.૨૦, ૭.૨૫, ૯.૩૦, ૧૦.૩૦
● **ઈટ ચેપ્ટુર દુ**
(અંગ્રેજી) ૧૨.૩૫, ૬.૪૫
(હિન્દી) ૯.૦૦, ૩.૧૫, ૧૦.૧૫
● **સાહો**
૯.૧૦, ૧૨.૦૦, ૩.૨૫, ૬.૫૦, ૯.૧૫, ૧૦.૧૫
● **મિશન મંગલ**
૯.૧૫, ૧૨.૧૫, ૬.૩૦
● **ચિલ ઝડપ (ગુજરાતી)**
૪.૦૦

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

● **છીછોરે**
૨-ડી (હિન્દી) ૯.૦૦, ૧૦.૩૦, ૧.૩૫, ૩.૧૦, ૪.૪૦, ૭.૪૫, ૯.૨૦, ૧૦.૫૦
● **ઈટ ચેપ્ટર દુ**
૨-ડી (હિન્દી) ૮.૪૫, ૧૨.૧૫, ૩.૪૫, ૧૦.૪૫
૨-ડી (અંગ્રેજી) ૭.૧૫
● **સાહો**
૧૧.૩૦, ૩.૦૫, ૬.૪૦, ૧૦.૧૫
● **મિશન મંગલ**
૧૨.૦૫
● **ચિલ ઝડપ (ગુજરાતી)**
૬.૧૫

## સે-૨૪માંથી મોબાઈલ ચોર ઝડપાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ રહેણાક વિસ્તારમાં ગરમીને પગલે દરવાજો ખુલ્લો રાખીને સુઈ રહેલા યુવકનો મોબાઈલ ચોરાયો હતો. આ મોબાઈલ ચોરને ગણતરીના કલાકોમાં એલસીબી પોલીસે દબોચી લીધો છે. સેકટર-૧૬ ચ ટાઈપ બ્લોક નં. ૬૧-૧ ખાતે રહેતા કૃણાલસિંહ વાઘેલા (૧૯) નો તા.૮ જુલાઈના રોજ ઘરેનો દરવાજો ખુલ્લો રહેતા મોબાઈલ ચોરાયો હતો. કૃણાલસિંહે સવારે ઉઠીને જોયું તો ઓશીકાની નીચે મુકેલો મોબાઈલ ગુમ હતો. પરંતુ તે સમયે યુવકે ફોનની કિંમત વધુ ન હોવાથી ફરીયાદ કરવાનું ટાળ્યું હતું. ફોનનો દુરઉપયોગ ના થાય તે માટે આખરે તેણે સે-૭ ખાતે ૭૯૦૦ ની કિંમતના મોબાઈલની ચોરી અંગે ફરીયાદ નોંધાવી હતી. એલસીબી કોન્સ્ટેબલ અનોપસિંહ સે-૨૪ આર્ય સમાજ પાસે બનાસકાંઠાના ભાભરના તેજા નાથાજી ઠાકોરને મોબાઈલ સાથે પકડી પાડ્યો હતો. આરોપીને પુછપરછમાં જણાવ્યું હતું કે તે રાત્રીના સમયે પસાર થઈ રહ્યો હતો ત્યારે મકાનનો દરવાજો ખુલ્લો જોતા ઘરમાં પ્રવેશ્યો હતો અને મોબાઈલ ચોરીને ફરાર થઈ ગયો હતો.

## ગાંધીનગર શહેર જિલ્લાના કલાકારો જોગ

ગાંધીનગર, તા.૫

કમિશનરશ્રી, યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અને જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કક્ષાની બાળ નાટય નૃત્યનાટિકા, બાળ પ્રતિભા શોધ સ્પર્ધા, નવરાત્રિ રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે.

જિલ્લા કક્ષાની આ વિવિધ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા કલાકારો અને શાળા/સંસ્થાઓએ જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સી-વિંગ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતેથી પ્રવેશ અરજી પત્રક મેળવવાનું રહેશે. આ ભરેલું પ્રવેશ અરજીપત્રક રુબરૂમાં અથવા શાળાના ઈમેલ એડ્રેસથી આ કચેરીના dydogandhinagar18@gmail.com પર તા.૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધી મોકલી આપવાનું રહેશે. સ્પર્ધાના સમયે પ્રવેશપત્રની મૂળ (ઓરીજનલ) નકલ રજૂ કરવાની રહેશે.

જિલ્લા ગરબા હરિફાઈ સ્પર્ધામાં બહેનોની વય મર્યાદા ૧૪ થી ૩૫ વર્ષની રહેશે. રાસ સ્પર્ધામાં ભાઈ/બહેનો ભાગ લઈ શકશે. જેમની વય મર્યાદા ૧૪ થી ૪૦ વર્ષની રહેશે. જિલ્લા કક્ષાની બાળ નાટ્ય નૃત્યનાટિકા સ્પર્ધાની વય મર્યાદા ૭ થી ૧૩ વર્ષની રહેશે. જિલ્લાકક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધાની વય મર્યાદા ૭ થી ૧૪ વર્ષની રહેશે. વધુ માહિતી માટે જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીની કચેરી, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.



ગણેશોત્સવ નિમિત્તે સે-૩-ડી ખાતે યુવક મિત્ર મંડળ દ્વારા ઘનશ્યામ લાખાણીનો હાસ્ય ડાયરો યોજાયો હતો.

## ક-૭ પાસે દેશીદારૂની ભઠ્ઠી પર પોલીસ ત્રાટકી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં ક-૭ પાસે જંગલની ઝાડીઓમાં દેશી દારૂ ગાળવાની એક ભઠ્ઠી પકડાઈ છે. કોઈ જાગૃત નાગરીકે કંટ્રોલ રૂમમાં ફોન કરીને જાણ કરી હતી. જેને પગલે સે-૨૧ પોલીસે સ્થળ પર રેઈડ પાડી હતી. પરંતુ તે પહેલા મહિલા બુટલેગર સજનબેન મકવાણા (રહે.આદીવાડા ગામ) ભાગી છુટવામાં સફળ રહી હતી. પોલીસે ઘટના સ્થળેથી દેશી દારુ ગાળવાનો સામાન, ૨૧ લીટર દેશી દારુ, ૪૦ લીટર વોશ કબ્જે કરી ફરાર મહિલા બુટલેગર સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આદિવાડા સહિત આસપાસના ગામમાં દેશીદારુની હાટડીઓ ધમધમે છે તે હકીકત છે પરંતુ કોઈના છુપા આશિર્વાદ હોવાથી પીનારાઓની લાંબી લાઈનો લાગે છે અને બિન્દાસ્ત બનીને પીતા હોય છે. જો સામાન્ય નાગરીક કોઈ સ્થળે ફરીયાદ કરવા જાય તો દારુડીયાઓ કે બુટલેગરો સામાન્ય નાગરીકનો અવાજ દબાવી દેવાનો પ્રયાસ કરતા હોય છે.



ગાંધીનગર શહેરના સેકટર-૧૩ માં આવેલા ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમના સ્ટોર રુમમાં અચાનક સવારે સવાસાત વાગ્યાના અરસામાં આગ લાગી હતી. સ્ટોરરૂમમાંથી સવારે ધુમાડા નીકળતા આગી લાગી હોવાનું ધ્યાને આવતા દોડધામ મચી ગઈ હતી. સ્ટોરરુમ રાખેલો સામાન આગની ઝપેટે આવી ગયો હતો. રૂમમાં રહેલો કેટલોક સામાન બળીને ખાક થઈ ગયો હતો, જયારે સ્ટોર રૂમ કાળો ડિબાગ થઈ ગયો હતો. બનાવની જાણ ફાયર વિભાગને કરતા તાત્કાલીક ટીમના સભ્યોએ પહોંચીને અડધો કલાક પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જયારે આગ શોર્ટ સર્કિટને પગલે લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે.

## સાર્વજનિક ગણેશોત્સવમાં કિશોરકુમારના ગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૫




શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, ગાંધીનગરે ૫૦ વર્ષની ઉજવણી દરમ્યાન મહાનગાયક કિશોરકુમારને અંજલી આપવા માટે ૪થી સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ કિશોરકુમારના અવાજની ભરપુર નિકટતા ધરાવતા અને વોઈઝ ઓફ કિશોરકુમારનું બિરુદ પામેલા ગુજરાતના યુવા કલાકાર ભૂષણ આવસ્થીનાં કંઠે ગવાયેલા ગીતોનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં તેમને પરિશી વર્માએ સાથ આપ્યો હતો તથા સંગીત સંચાલન હિરેન પરમારે કર્યું હતું. વરસતા વરસાદ વચ્ચે પણ કિશોરકુમારના ચાહકોએ આ કાર્યક્રમ માણવાનું પસંદ કર્યું હતું અને ભૂષણ આવસ્થીએ પણ ગણપતિદાદાના સાંનિધ્યમાં મુકત હૃદયે પોતાના ગીતો પ્રસ્તુત કર્યા હતા.

આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગર પાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, કાઉન્સિલર પીન્કીબેન પટેલ તથા રાજકીય અગ્રણીઓએ ઉપસ્થિત રહીને શ્રીજીની પૂજા અર્ચના કરી કાર્યક્રમને માણ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનોજ શુકલાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં મિતુલ જોષી, વૈભવ જાની, મુકેશ મારુ, ઉર્પલ જોષી અને યુવરાજસિંહ રાણાનું મુખ્ય યોગદાન હતું. અધ્યક્ષ નિશિત વ્યાસે ધર્મપ્રેમી તથા સંગીતપ્રેમી જનતાનો કાર્યક્રમ સફળ બનાવવા આભાર માન્યો હતો.

## સે-૧૨માં પ્રાથમિક શાળાના શિક્ષકોનું સન્માન



શિક્ષક દિન નિમિત્તે શહેરની મધ્યમાં સેકટર-૧૨માં સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોનું સન્માન શહેરની સ્વૈચ્છિક સંસ્થા સર્જન એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ વિનોદ મેણાતે જીવનમાં શિક્ષકોનું અને શિક્ષક દિનની ઉજવણીનું મહત્વ સમજાવવા સાથે શિક્ષકોને પુષ્પગુચ્છ આપી સન્માન્યા હતા.

## સોમવારે નવા-જૂના હિન્દી-ગુજરાતી ફિલ્મોનો કાર્યક્રમ 'સંગીત એક સૂર અનેક' યોજાશે

ગાંધીનગર, તા.૫

ગુજરાત રાજય સંગીત નાટય અકાદમીના આર્થિક સહયોગથી પ્રભાતસિંહ વજેસિંહ પરમાર દ્વારા હિન્દી અને ગુજરાતી ફિલ્મોના નવા-જુના ફિલ્મી ગીતો સાથે ઉગતા કલાકારોને પ્રોત્સાહન માટે તા. મી સપ્ટેમ્બર સોમવાર રાત્રે ૮.૩૦ કલાકે સેકટર-૧૭માં ટાઉનહોલ ખાતે 'સંગીત એક સૂર અનેક' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ જયોતિષ ભટ્ટ, શહેરના મેયર રીટાબેન પટેલ,ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર, સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, પૂર્વ સાંસ્કૃતિક મંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી ઉપરાંત ડૉ. યશવંત છાટબાર, તખતસિંહ પરમાર, સુરેશ રત્નોત્તર અને નાગરભાઈ પ્રજાપતિ અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં અમદાવાદના જાણીતા સંગીતકાર દેવાંગ કોષ્ટી લાઈવ ઓરકેસ્ટ્રા પ્રસ્તુત કરશે જેના સથવારે શહેરના ઉગતા કલાકારો પરફોર્મન્સ આપશે. આ કાર્યક્રમમાં જાહેર જનતાને વિના મૂલ્યે વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે.

## મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે શિક્ષકદિનની ઉજવણી




ગાંધીનગર, તા.૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર શાખા સંચાલિત મહાત્મા ગાંધી વિદ્યામંદિર સેકટર-૧૬ ખાતે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન નિમિત્તે શિક્ષકદિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ૩૯ વિદ્યાર્થીઓએ શિક્ષક બની ઉત્સાહભેર ભાગ લીધો હતો આચાર્ય તરીકે કુ. શેખ સિમરન અને મનસુરી બાસીમે સુપેરે જવાબદારી નિભાવી હતી. આ પ્રસંગે એલઆઈસી ઓફ ઈન્ડિયા ગાંધીનગર ડિવિઝનના મેનેજર સ્મિતા કાલે, વિનોદભાઈ જોષી વગેરે અધિકારીઓએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કર્યું હતું. આ પ્રસંગે શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ સરળ ભાષામાં અભિપ્રાયો વ્યકત કર્યા હતા અને અંતમાં કો ઓર્ડિનેટર નટુભાઈ લાડાણી અને શાળાના આચાર્ય એલ.વી. રાતડિયા દ્વારા સર્વેને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## ડોક્યુમેન્ટ વિના પલ્સર ફેરવતા બે યુવકો ઝડપાયા

ગાંધીનગર, તા.૫

કાગળીયા વિના માત્ર રૂ.૫ હજારમાં પલ્સર બાઈક ખરીદીને નંબર વિના બે મિત્રો ફેરવી રહ્યા હતા. ત્યારે ગાંધીનગર એલસીબીના હાથે રંગેહાથ પકડાઈ ગયા છે. એલસીબી પીઆઈ નીરજ પટેલની ટીમના કોન્સ્ટેબલ જીગ્નેશકુમારને બાતમી મળી હતી કે લીંબડીયા કેનાલ પર બે શખ્સો નંબર વિનાના બાઈક સાથે ફરતા હોવાની બાતમી મળી હતી. જેને પગલે એલસીબીએ કૃણાલ મનુભાઈ પટેલ (નરોડા પુલીંગ વિભાગ-૩) અને રુતુરાજ સંજય જોશી ઉ.વ.૨૭ ને ચોરીના પલ્સર બાઈક સાથે પકડી પાડ્યા છે. પોલીસની પુછપરછમાં બંન્ને યુવકો એ ૨૦૧૪માં નરોડા શાલીન શાળા સામે આવેલા એક પાન પાર્લર પર બેરતા તેમના મિત્ર કિંજલ નામના શખ્સ પાસેથી માત્ર રૂ.૫ હજારમાં બાઈકની ખરીદી કરી હતી. પુરાવા વિના લીધેલા બાઈકને બંને યુવકો વારાફરતી ફેરવતા હતા. ત્યારે આ બાઈક ઓકટોબર-૨૦૧૪માં નરોડાના અર્પણ ફલેટ નજીકથી ચોરાયું હતું. એલસીબી પોલીસે બંને આરોપીની અટકાયત કરીને ડભોડા પોલીસને સોંપ્યા હતા.

## ચિરવિદાય

● સ્વ. પટેલ બહેચરભાઈ બબાભાઈ, ઉ.વ. ૭૪
● સ્વ. વાઘેલા જુજારજી ગોબરજી, ઉ.વ. ૭૫
● સ્વ. મીનાબેન વિષ્ણુજી ઠાકોર, ઉ.વ. ૩૪
● સ્વ. પટેલ લીલાબેન ગાંડાભાઈ, ઉ.વ. ૭૫
● સ્વ. ભીલ અશોકકુમાર મોહનભાઈ, ઉ.વ. ૫૦
● સ્વ. મહોતજી ઉદાજી રાણા, ઉ.વ. ૭૮
● સ્વ. સાકરબેન વનવીરભાઈ રબારી, ઉ.વ. ૬૭